

**ખેડૂતોમાં આનંદ છવાયો : કુદરતે કરવટ બદલી, વરસાદના શ્રીગણેશ**

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અસહ્ય બાફ અને ઉકળાટભર્યો માહોલ સર્જાયા બાદ સમી સાંજે વાતાવરણમાં એકાએક પલ્ટો આવતા નયનરમ્ય વાતાવરણ સર્જાયું હતું. ઠંડાગાર પવન તેજ ગતિએ આગળ વધતા મેઘરાજાએ વીજળીના કડાકા ભડાકા સાથે ધમાકેદાર પધરામણી કરતા અબાલ વૃદ્ધ નાના મોટા વ્યક્તિઓ સહિત જગતનો તાત હરખાયો હતો. નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા વાહન ચાલકો અને રાહદારીઓ પરેશાન થઈ રહ્યા હતા.

# હિંમતનગર, પ્રાંતિજ અને પોશીનામાં સામાન્ય વરસાદ

## હવામાન વિભાગની આગાહી છતા વરસાદ ન પડતા લોકોમાં નિરાશા

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લામાં સોમવારથી બુધવાર દરમિયાન વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી હોવા છતાં જિલ્લામાં હજુ મેઘરાજા મન મુકીને વરસતા નથી. દરમિયાન મંગળવારે સાંજે હિંમતનગર, પ્રાંતિજ, પોશીના અને ઈડરમાં સામાન્ય વરસાદ પડતાની સાથે જ બાફ અને ઉકળાટનું પ્રમાણ અસહ્ય રીતે વધી ગયુ છે. જો આગામી બે-ત્રણ દિવસમાં સંતોષકારક વરસાદ નહી થાય તો જિલ્લામાં આગોતર વાવેતર કરાયેલ મગફળી અને કપાસના પાક પર નિષ્ફળતાના વાદળો ઘેરાઈ જશે. સાબરકાંઠા જિલ્લામાં હવામાન વિભાગે સોમવારથી બુધવાર દરમિયાન સામાન્યથી મધ્યમ વરસાદ પડવાની આગાહી કરી હતી.

જોકે આ ત્રણ દિવસ દરમિયાન પ્રાંતિજમાં ૨ મી.મી. વરસાદ પડ્યો હતો. સામાન્ય વરસાદ પડ્યો હોવાને કારણે રાત્રે તથા બુધવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ એકદમ વધી જતા લોકો પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા અને વરસાદ પડશે તેવી આશા વચ્ચે બાફ અને ઉકળાટ સહન કરતા હતા.

બીજી તરફ જિલ્લાના ઈડર, હિંમતનગર, પ્રાંતિજ અને તલોદ તાલુકામાં ખેડૂતોએ બોરકુવાના પાણીથી વાવેતર કરેલ અંદાજે ૧૦ હજાર હેક્ટર કપાસ તથા ૮ હજાર હેક્ટર જમીનમાં વાવેતર કરાયેલ મગફળીનો પાક પાણીના અભાવે મુરઝાઈ રહ્યો છે. જેના લીધે ખેડૂત વર્ગ ચિંતાતુર બની ગયો છે. જો પાક નિષ્ફળ જશે તો ખેડૂતો દેવાદાર બનીને બેહાલ થઈ જાય તેવી શક્યતા નકારી શકાતી નથી.

અત્રે યાદ રહે કે સાબરકાંઠા જિલ્લામાં આ વર્ષે અત્યાર સુધીમાં સરેરાશ ૧૭.૩૧ ટકા વરસાદ થયો હોવાનું ડિઝાસ્ટર વિભાગના સૂત્રોએ દાવો કરતા જણાવ્યુ છે. તેમના જણાવાયા મુજબ વડાલીમાં ૧૪.૮૮, ખેડબ્રહ્મામાં ૧૪.૧૦, તલોદમાં ૧૭.૨૬, ઈડરમાં ૧૪.૨૧, વિજયનગરમાં ૧૭.૩૩, પોશીનામાં ૧૯.૮૫ જ્યારે સૌથી વધુ પ્રાંતિજમાં ૨૦.૩૭ અને હિંમતનગરમાં ૨૦.૪૫ ટકા વરસાદ પડી ચૂક્યો છે.

# જુના ડીસામાં ઘન કચરાના નિકાલ મુદ્દે ફરી ઉચ્ચસ્તરે રજુઆત

## સરપંચ દ્વારા પાલિકાના અધિકારી અને કર્મચારી વિરુદ્ધ ફરીયાદ

જુના ડીસા

ડીસા તાલુકાના જુનાડીસા ગામના ગંગાજી વ્હોળામાં પંચાયતની પરવાનગીના બહાને ડંપીગ સાઈડની બહારના ભાગે રોડ અને રોડની સાઈડે ગટરના ગાળાની ગંદકી ઠલવાતા લાલઘૂમ બનેલા સરપંચે આ મુદ્દે પાલિકાના ઘન કચરા નિકાલના અધિકારી અને કર્મચારી વિરુદ્ધ ઉચ્ચસ્તરે રજુઆત કરતા ચકચાર મચી જવા પામી છે.

જુનાડીસામાં પવિત્ર ગણાતા ગંગાજીના વ્હોળામાં સરકારી નીતિનિયમો નેવે મૂકી ડીસા પાલિકા દ્વારા ઘન કચરાની આડમાં મેડિકલ વેસ્ટ અને ગંદકી પણ ઠલવાઈ રહી છે તેની દુર્ગન્ધથી હાઈવે ઉપરથી પસાર થવું મુશ્કેલ થઈ પડ્યું છે જે બાબતે સરપંચ બબાભાઈ દેસાઈએ ક્રીમી. પ્રોસી. કોડની કલમ ૧૩૩ મુજબ ફરિયાદ આપેલ છે અને ધ નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલમાં કેસ દાખલ છે તેમછતાં સરકારના નીતિ નિયમો મુજબ નિકાલ થતો નથી ઉલટાનું ડંપીગ સાઈડની બહાર રોડ ઉપર અને રોડની સાઈડોમાં ગંદકી ઠલવાય છે જે બાબતે ગામના જાગૃત નાગરિક દિલીપ ભાટિયાએ ગઈકાલે બુધવારે ટ્રેક્ટર ડ્રાઈવરની પૂછપરછ કરતા તેણે પાલિકા દ્વારા અહીં નિકાલ કરવાનું કહેવાયું સાઈડમાં કિચ્ચડ નાખીએ છીએ અને રેતનો ટેકરો ખોદીએ છીએ તેમ જણાવ્યું હતું પરંતુ તે કોઈ કાગળ આપી શક્યો ન હતો તેથી સરપંચ, તલાટી અને ગ્રામજનો દોડી આવતા તે પલાયન થઈ ગયો હતો હકીકતમાં ગ્રામ પંચાયતે આવી કોઈ પરવાનગી આપી નથી તેમછતાં સરપંચને બદનામ કરતા સરપંચ બબાભાઈએ ડીસા પાલિકાના ઘન કચરા નિકાલના અધિકૃત અધિકારી અને કર્મચારી નારૂભાઈ સોલંકી વિરુદ્ધ ડંપીગ સાઈડ સિવાયની જગ્યાનો દુરુપયોગ, જાહેરમાં કાદવ કિચ્ચડના ઉપદ્રવ અને જન આરોગ્ય જોખમાવા મુદ્દે જિલ્લા




હોવાની કબુલાત કરી હતી જેથી તેમણે અધિકારીને બોલાવવાનું કહેતા ડાઈવરે ફોન દ્વારા પાલિકાના કર્મચારી નારૂભાઈ ને બોલાવ્યો હતો જેણે આ જગ્યા પંચાયતની નથી અને સરપંચની પરવાનગીથી મેજીસ્ટ્રેટ સહિત મુખ્યમંત્રીને રજુઆત કરી આ મેટર કોર્ટમાં હોવા છતાં સરકારના નીતિનિયમો નેવે મૂકી શરતોનો પણ ભન્ગ કરવા બદલ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ આર. કે. એસ. કે. અંતર્ગત કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૩

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ આર.કે.એસ.કે. અંતર્ગત ૧૦ થી ૧૯ વર્ષના યુવક,યુવતીઓને ગામ વાઈઝ બે છોકરા-બે છોકરીઓની પ્રિમીયર ઈજુકેટર તરીકે પસંદગી કરીને મીટીંગ તાલુકા બ્લોક હેલ્થ કચેરીમાં કાર્યક્રમ યોજાયો હતો.

# ખેડબ્રહ્મા અને ગઢડા શામળાજી ખાતે ભવ્ય રથયાત્રા નીકળશે

ખેડબ્રહ્મામાં ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાંથી આજે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે. જેમા સવારે ભગવાનની પૂજા કરવામાં આવશે. ત્યારબાદ મંદિર પર ધજા ચડાવવામાં આવશે. સવારે ભગવાનને શુશોભીત રથમાં બિરાજમાન કરી નગરચાર્યએ નીકળશે. રથયાત્રાના રૂટમાં ભાવિક ભક્તો દ્વારા ચા-નાસ્તો, છાશ, આઈસ્ક્રીમ તથા સિવિલ રોડના વેપારીઓ દ્વારા શુદ્ધ ઘીનો શીરો પીરસવામાં આવશે. આયોજકો દ્વારા રથયાત્રાના માર્ગમાં ફણગાવેલા મગ અને જાંબુનો પ્રસાદ આપવામાં આવશે. રથયાત્રા સાથે નાસીક ઢોલ, શણગારેલા ઊંટ, ઘોડા અને ટ્રેક્ટર પણ જોડાશે.

### રથયાત્રાનો રૂટ

રાધાકૃષ્ણ મંદિર સવારે ૮ ૩૦ વાગે, જૂની પોસ્ટ ઓફિસ, જૈન દેરાસર, પટેલ ફળી, બ્રહ્માજી ચોક, બસ સ્ટેશન, મહાકાળી માતાજી મંદિર, જાનકી સોસાયટી, કાશી વિશ્વનાથ મહાદેવ, માણેકચોક, શ્રીયાદે ચોક, સરદાર પટેલ ચોક, પેટ્રોલ પંપ, પટેલ સોસાયટી થઈ બપોરે ૧ ૩૦ વાગે મોસાળમા હસમુખલાલ તુલસીદાસ મોદીના નિવાસ્થાને ભગવાનનો વિસામો કરવામાં આવશે. જ્યા ભગવાનનું મામેરૂ ભરવામાં આવશે અને ભક્તો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યાંથી સાંજના ૪ ૩૦ કલાકે વિસામાથી રથયાત્રા નીકળી લક્ષ્મીપુરા ચાર રસ્તા, સુથારફળી થઈ સાંજના ૬,૩૦ કલાકે નિજ મંદિર પધારશે. પોલીસ બંદોબસ્ત ડીવાયએસપી ૧, પીએસઆઈ ૩, પોલીસ ૩૧, મહિલા પોલીસ ૮, હોમગાર્ડ ૬૫, વીડિયોગ્રાફર ૧, પોલીસ વાહન ૪.



**આજે મોડાસામાં ભવ્ય રથયાત્રા**

મોડાસા શહેરમાં નીકળનારી ૩૭મી રથયાત્રાને લઈને છેલ્લા કેટલાક દિવસોથી મોડાસાના શ્રી ગોવર્ધનનાથજી મંદિર ટ્રસ્ટ સંચાલિત બાલકદાસજી મહારાજ મંદિરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ તડામાર તૈયારીઓ આદરી પૂર્ણ કરવામાં આવી છે. રથયાત્રાની આતુરતાપૂર્વક રાહ જોતા ભક્તજનોની આતુરતાનો અંત આજે ખુદ ભગવાન જગન્નાથ દર્શન આપવા નીકળશે. ભગવાનના વધામણા કરવા શહેરીજનો સહીત જીલ્લાવાસીઓમાં ઉત્સાહ અને થનગનાટ જોવા મળી રહ્યો છે. બુધવારે ભાવસારવાડામાં શ્રી હિંગળાજ ભજન મંડળ તથા આનંદનો ગરબો ગ્રુપ દ્વારા ભગવાન જગન્નાથના મામેરાના યજમાન છાયાબેન દિનેશકુમાર ભાવસાર પરિવાર દ્વારા અર્પણ કરાયું હતું. મામેરા પ્રસંગમાં મોટી સંખ્યામાં ભાવસાર સમાજની મહિલાઓ સહીત ભજન મંડળની ટીમો ઉપસ્થિત રહી ભજનની રમઝટ બોલાવતા મામેરામાં ભક્તિભર્યો માહોલ અદભુત જામ્યો હતો.

# હિંમતનગરમાં ટ્રાફીકના નિયમોની ઐસીતૈસી

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારોમાં છેલ્લા ઘણા વખતથી વાહનચાલકો ટ્રાફીકના નિયમોના ધજીયા ઉડાવી રહ્યા છે તેમ છતાં આરટીઓ અને પોલીસતંત્ર મુકપ્રેક્ષક બનીને તમાશો જોઈ રહી છે. ખાસ કરીને મહાવીરનગર અને મોતીપુરા વિસ્તારમાં આવેલા ટ્રાફીક સિગ્નલોનો સરેઆમ વાહનચાલકો ભંગ કરી રહ્યા છે. તેમ છતાં પોકળ દાવા કરતુ પોલીસતંત્ર કોઈ જ કાર્યવાહી કરતુ ન હોવાની છાપ ઉપસી રહી છે.

આ અંગેની વિગત એવી છે કે કેન્દ્ર અને રાજ્ય સરકારના આદેશ બાદ જિલ્લાના મુખ્ય મથક એવા હિંમતનગરમાં ટ્રાફીકની ગીચતા ધરાવતા વિસ્તારોમાં લોકો ટ્રાફીકના નિયમોનુ ચુસ્તપણે પાલન કરે તે માટે કરોડો રૂપીયાના ખર્ચે ટ્રાફીક ગ્નિલ અને સીસીટીવી કેમેરા ફીટ કરાવામાં આવ્યા છે. ખાસ કરીને સિવિલ સર્કલ, મોતીપુરા બાયપાસ, એનજી સર્કલ, મહાવીરનગર ચાર રસ્તા પર સહિત અન્ય સ્થળે જે સિગ્નલો કાર્યરત છે અને ટ્રાફીકના કર્મચારીઓ પણ હાજર હોય છે તેમ છતાં કેટલાક વાહનચાલકો તેમના નિર્ધારીત સ્થળે જલ્દી પહોંચવાની ઉતાવળ હોય તેમ તેઓ નિયમોનો ભંગ કરીને જતા રહે છે.

જેથી અન્ય વાહનચાલકોનું માનવુ છે કે જો ખરેખર ટ્રાફીકના નિયમો અંગે લોકો પાલન કરે તેના માટે પોલીસતંત્રએ લાલ આંખ કરીને ફરજ બજાવવી પડશે. હિંમતનગરના સહકારી જીન વિસ્તારમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર થઈને નાના વાહનચાલકોને પસાર થવાનુ થાય છે. ત્યારે લાંબા સમય સુધી રોડ ઓળંગવા માટે ઉભા રહેવુ પડે છે. ઘણી વખત તો નવી સિવિલમાં જવા માટે દર્દથી કણશતા દર્દીઓ પણ હેરાન પરેશાન થઈ જાય છે. તો બીજી તરફ નેશનલ હાઈવે પરથી માંતેલા સાંઢની જેમ દોડતા ભારે વાહનોના ચાલકોને જાણે કે કોઈના જીવની પડી ન હોય તેમ બેફામ દોડે છે.

# ધાનેરા વિસ્તારની ગ્રામ પંચાયતોમાં ૬૫ હજારથી વધુ ગ્રાન્ટ માત્ર બોર્ડ પાછળ ખર્ચી


## ૪૦ હજારના બોર્ડના ૬૫ હજારથી વધુ કેમ ચૂકવાયા : વિકાસના નામે ભ્રસ્ટાચાર : ધાનેરા તાલુકા કર્મચારી બોર્ડ આપી ૫૬ હજારનો ચેક લઇ આવ્યો : કોણ છે આ કર્મચારી : કલાકોની મહેનત બાદ પણ તાલુકા વિકાશ અધિકારીએ મીડિયાકર્મીઓને માહિતી ન આપી : કોણ કોણ છે સામેલ, તાપસ જરૂરી

જ્યારે વાત આવે ભ્રષ્ટાચારની તો ધાનેરા તાલુકા પંચાયત નું




નામ મોખરે આવે છે થોડા દિવસ અગાઉ ધાનેરા તાલુકા પંચાયતના પૂર્વ ટીડીઓ સહિત પાંચ લોકો સામે ભ્રષ્ટાચાર બાબતે તંત્ર એજ પોલીસ ફરિયાદ નોંધાવી છે તો બીજી તરફ જાણે ભ્રષ્ટાચાર બંધ થવાનું નામ ન લેતો હોય તેમ ધાનેરા ની કેટલીક ગ્રામ પંચાયતોમાં ૬૫ હજારથી પણ વધુ રૂપિયાની ગ્રાન્ટ માત્ર બોર્ડ પાછળ વાપરવામાં આવી છે ત્યારે ખરેખર આ બોર્ડની સાચી કિંમત કેટલી છે તે બાબતે ગુજરાતનાં મુખ્યમંત્રી તપાસ કરાવે તો મોટું કૌભાંડ બહાર આવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

ધાનેરા તાલુકા પંચાયતના પૂર્વ તાલુકા વિકાસ અધિકારી મફતલાલ જોશી સહિત પાંચ લોકો સામે ધાનેરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા વિસ્તારની કેટલીક ગ્રામ પંચાયતમાં ૬૫,૦૦૦ રૂપિયા કરતા પણ વધુની ગ્રાન્ટ માત્ર બોર્ડ પાછળ વાપરતા અનેક તર્ક વિતર્ક ઉઠવા પામ્યા છે ધાનેરા વિસ્તાર ના એક સરપંચ એ પોતાનું નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે પહેલા ગ્રામ પંચાયત આગળ નું બોર્ડ લગાવવામાં માટે તાલુકા પંચાયત માંથી આદેશ કરવામાં આવ્યો હતો અને એ બોર્ડ ની કિંમત ૧૧૨૦૦ રૂપિયા લેખે વસૂલ કરવામાં આવી હતી અને તે બાદ થોડા મહિના પછી ફરીથી એ જ જગ્યા ઉપર ૧૦ બાય ૨૦ફૂટ નું પતરા વાળું બોર્ડ લગાવવામાં આવ્યું અને તેની કિંમત ૫૬,૦૦૦ રૂપિયા વસૂલ કરવામાં આવી છે ત્યારે આ બાબતે અમારી ટીમે તપાસ હાથ ધરી હતી અને સત્ય હકીકત બહાર લાવવાની કોશિશ કરી હતી આ બાબતે અમારી ટીમ દ્વારા બે દિવસ પહેલા ધાનેરા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી નો ટેલિફોનિક સંપર્ક કરી આ બોર્ડ ની કિંમત બાબતે પૂછતા તેમણે જણાવ્યું હતું કે આ બોર્ડ ની કિંમત કેટલી છે તે મને મોઢે યાદ નથી હું રેકોર્ડ માં જોઈને કહું અને જ્યારે તાલુકા વિકાસ અધિકારીને ઓફિસે આવવાનું પૂછતા તેમને ઉડાઉ જવાબ આપતા જણાવ્યું હતું કે અત્યારે હું કામમાં છું અને મારું કામ પતી જશે એટલે હું ઓફિસે આવી જઈશ તાલુકા વિકાસ અધિકારી ઓફિસે હાજર ન મળતા અમારી ટીમ દ્વારા વારંવાર ધક્કા ખાતા તે આજે હાજર મળ્યા હતા અને તેમને બોર્ડ બાબતે વાત કરતા તેમણે એક કર્મચારીને માહિતી આપવાનું કંઈ ચાલતી પકડી હતી અને કર્મચારી દ્વારા આ બાબતની માહિતી ના આપતા અને તે બાદ ટીડીઓ થોડી વાર પછી ઓફિસમાં આવતા અમારી ટીમને ફરીથી તેમની મુલાકાતે ગઈ હતી અને કલાક સુધી બેસી રહેવા છતાં કોઈ જવાબ ન મળતા તેમને સવાલ કર્યો હતોઅને ધાનેરા તાલુકા વિકાસ અધિકારીએ જવાબ આપતા જણાવ્યું હતું કે આ બોર્ડને અને અમારે કોઈ લેવાદેવા નથી આ તો ગ્રામ પંચાયત લગાવે છે એમ કઈ હાથ ધર્યા હતા તો બીજી તરફ સરપંચ જણાવી રહ્યા છે કે અમારી પાસે તાલુકા પંચાયતનો એક કર્મચારી આ બોર્ડ લઈને આવ્યો હતો અને તે બોર્ડ લગાવી ગયો હતો અને ૫૬ હજારનો ચેક લઈ ગયો હતો તો આ બન્નેમાંથી સાચું કોણ તે મોટો સવાલ છે ? હવે જો આ બોર્ડની બજાર કિંમત ગણવા જઈએ તો જે પહેલા ૧૧૨૦૦ રૂપિયા નું બોર્ડ લગાવ્યુ હતું તેની બજાર કિંમત અંદાજે ૮ થી ૯ હજાર રૂપિયા કહી શકાય એક બોર્ડ પાછળ બે હજારથી વધુ રૂપિયા ચાઉ થયાની આશંકાઓ સેવાઈ રહી છે ત્યારે કુલ ૬૧ ગ્રામ પંચાયતના એક લાખ વીસ હજાર કરતાં પણ વધુ રૂપિયા ચાઉં થયાની વાતે જોર પકડ્યું છે તો બીજી તરફ ફરીથી જે બ્લેક બોર્ડ લગાવવામાં આવ્યા તેની કિંમત ૫૬,૦૦૦ નક્કી કરવામાં આવી છે તો જો વાત કરવામાં આવે આ બોર્ડની બજાર કિંમતની તો આ બોર્ડની બજાર કિંમત અંદાજે ૩૦ થી ૩૫ હજાર રૂપિયા કહી શકાય તેવું લોકો એ અનુમાન લગાવ્યું હતું એટલે આમાં પણ એક બોર્ડ પાછળ ૨૦૦૦૦ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યો હોવાની વાતે વેગ પકડ્યું છે એક પંચાયતના ૨૦૦૦૦ એટલે




આવી કેટલીક ગ્રામ પંચાયતોમાં આવા બોર્ડ લગાવ્યા અને કેટલો ભ્રષ્ટાચાર થયો તે પણ એક મોટો સવાલ છે સરકાર વિકાસ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી રહી છે પરંતુ કેટલાક અધિકારીઓ ગામનો વિકાસ કરવાના બદલે તેમનો વિકાસ કરી રહ્યા હોવાની વાતે જોર પકડ્યું છે ભાજપ સરકારની ગ્રાન્ટ નો દુરુપયોગ કરી ભ્રષ્ટાચાર આચરનાર અને ભાજપ સરકારની આબરૂના ધજાગરા ઉડાવનાર અધિકારીઓ સામે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તપાસના આદેશ આપી ભ્રષ્ટાચારીઓ સામે તાત્કાલિક પગલા ભરે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.